હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઈમ્સ ઓફ ખત્રી

# Times of Khatri

માસિક

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૮ અંક-૪ સળંગ અંક-૮૪ માહે-રમઝાન હિજરી-૧૪૪૫ એપ્રિલ-૨૦૨૪

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## મદદ કરવા માટે અમીર હોવું જરૂરી નથી

મોહંમદ હુસેન એ. ધડા, પોરબંદર

બિલ ગેટ્સ એક એવું નામ જેને ન ઓળખનાર કદાચ વિશ્વમાં કોઇ નહીં હોય. એક સમયે વિશ્વના સૌથી અમીર વ્યક્તિ હતા ત્યારે કોઇએ પૂછયું કે શું તમારાથી વધારે અમીર કોઇ છે? ત્યારે તેમણે જવાબ આપેલો કે હા, એક વ્યક્તિ એવી છે જે મારાથી વધુ અમીર છે અને હું ગમે તેટલો ધનાઢ્ય બની જાઉ, એ વ્યક્તિની તોલે કયારેય નહીં આવી શકું. ત્યારબાદ બિલ ગેટ્સ એ વિગતવાર વર્ણન કર્યુ.

આ એ સમયની વાત છે જયારે હું વિશ્વનો સૌથી ધનાઢ્ય વ્યક્તિ નોહતો. હું એરપોર્ટ પર ફલાઇટની રાહ જોઇ રહયો હતો. ત્યાં એક અખબાર વેચનાર આવ્યો. મેં અખબાર લીધું પરંતુ મારા ગજવામાં ચેન્જ નોહતું. મેં અખબાર પરત કર્યુ. તેણે કહ્યું કે, સાહેબ કશો વાંધો નહીં. તમે આ મારા તરફથી રાખો. મેં ના પાડી તો એણે કહ્યું કે, સાહેબ હું મારા નફામાંથી આપને આપી રહયો છું. મારૂં કોઇ નુકશાન નહીં થાય. મેં અખબાર રાખી લીધું. જોગાનુજોગ બીજીવાર પણ એવું જ બન્યું. ફરી એ જ અખબાર વેચનારા એ મને અખબાર રાખવા કહ્યું. ઘણી ના પાડવા છતાં એણે મને એ અખબાર રાખવા કહ્યું. ફરી મેં રાખ્યું.

આ વાતને સમય વીતી ગયો. હું વિશ્વનો સૌથી ધનાઢ્ય વ્યક્તિ બની ચૂકયો હતો. ત્યારે મને એ અખબાર વાળાની યાદ આવી. મેં તેને શોધવાનું શરૂ કર્યુ. લગભગ ૨ મહિનાની શોધખોળના અંતે એ વ્યક્તિ મને મળ્યો. મેં પૂછયું તું મને ઓળખે છે? તેણે જવાબ આપ્યો કે, હા તમે બિલ ગેટ્સ છો. મેં કહ્યું કે શું તને યાદ છે કે તે મને બે વખત અખબાર મફત આપ્યું હતું. તેણે જવાબ આપ્યો કે હા મને યાદ છે. મેં કહ્યું કે, ત્યારે તે મારી મદદ કરી હતી આજે હું તારી મદદ કરવા માંગુ છું. મેં તેને બ્લેન્ક ચેક આપ્યો અને કહ્યું કે આમાં તું ઇચ્છે એટલી રકમ ભરી લે. એ વ્યક્તિ એ મારો ચેક પરત આપતી વેળા કહ્યું કે સાહેબ મે આપની જે મદદ કરી હતી એ આપ કદી કરી જ ન શકો. મેં આપની એ સમયે મદદ કરી હતી જયારે મારી પાસે પણ કશું ન હતું અને તમે મારી મદદ ત્યારે કરવા માંગો છો જયારે તમે વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ બની ચૂકયા છો. મેં તમારી મદદ કરવા માટે અમીર બનવાની રાહ નોહતી જોઇ. આ સાંભળી હું વિચારમાં પડી ગયો. એ સમયે હું મારી જાતને એ અખબારવાળા કરતા પણ ગરીબ મહેસૂસ કરી રહયો હતો કારણ કે તેનો એક એક શબ્દ સાચો હતો.

આ ઘટના આપણને શું શીખ આપે છે? સમજીએ તો બહુ અગત્યનો બોધપાઠ છે. સમય, શક્તિ અને શોહરત મળ્યા પછી તો દાનવીર બનવા બધા નીકળે છે, ખરો દાનવીર એ છે જેણે પોતાની પાસે કશું ન હોવા છતાં કોઇની મદદ કરી હોય. એ ખરી ભાવના છે. અને એથીય અગત્યનો બોધ એ છે કે મદદની વ્યાખ્યા માત્ર આર્થિક સ્વરૂપે કરાતી મદદ જ નથી હોતી. સેવા અને મદદના ઘણાં પ્રકાર હોય. સક્ષમ હોય એ નાણાકિય સહાય કરે. સક્ષમ ન હોય એ આર્થિક સહયોગ ન આપી શકતા હોય પરંતુ તેમના દ્વારા શારીરિક, માનસિક, નૈતિક સ્વરૂપે ઘણાં કાર્યો થયા હોય જે કદાચ સમાજની નજરમાં રૂપિયાની સરખામણીએ ઓછું મહત્વ ધરાવતા હોય.

સમાજ પણ માત્ર આર્થિક શક્તિ જ જુએ છે. ભૂતકાળને સમાજ ભૂલી જાય છે કે આજે મોટા મહલાં થઇને ફરતા અને લાખોની ઝકાત વેચતા વ્યક્તિ પાસે શું હલાલ દૌલત છે?

અનુસંધાન પાના નં. ૪ ઉપર




+91 9820223138

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

Asif Khatri
Managing Director

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# મૂલ્યાંકન

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", દુબઈ

આ વાત રાજા-રજવાડા હતા તે સમયની છે. વર્ષોના વ્હાણા વહી ગયા પણ તેમાં રહેલી સમજને સજવાની જરૂર છે.

એક રાજા દરબાર ભરીને પ્રજાના પ્રશ્નો સાંભળતા હતા. તે સમય દરમ્યાન એક વ્યક્તિ સભા સમક્ષ હાજર થયો અને રાજાને નોકરી આપવા વિનંતી કરી. રાજા એ માન-સન્માન સાથે વાતચીત દરમ્યાન તેની ખૂબીઓ અંગે પૃચ્છા કરી.

તેની કાબિલિયતના બારામાં તેણે કહ્યું કે "હું જેની સાથે રહું તે પછી માનવ કે પશુ જે કોઇ હોય તેની બાબતે અપટુડેટ માહિતી આપી શકુ છું." રાજા તેની વાક્ચતુરાઇથી ખુશ થયો અને નોકરીમાં રાખી લીધો. સૌ પ્રથમ તેની ડયૂટી રાજાના અસ્તબલમાં આપી.

થોડા દિવસ પછી રાજાએ પોતાના ખાસમખાસ ઘોડા વિશે અભિપ્રાય માંગ્યો. તેણે જવાબ આપ્યો કે, તે અસલી નસ્લનું સંતાન નથી. રાજાને આશ્ચર્ય થયું. જેની પાસેથી ખરીદેલ ઘોડાના માલિકને પૂછપરછ કરતાં માલૂમ પડયું કે મા એ ઘોડાને જન્મ આપી મરી ગઇ હતી તે પછી તેને એક ગાયનું દૂધ પીવડાવી ઉછેરવામાં આવ્યો હતો. રાજાને નોકરની વાત સાચી લાગી. તેણે પૂછ્યું કે, "એ અસલી નથી તેની ખબર તને કેવી રીતે પડી?"

નોકરે નમ્રતાથી કીધું, "તે જયારે ઘાસ ખાય છે તો તે ગાયની જેમ નીચે માથું રાખીને જ ખાય છે. જયારે અસલી નસ્લી ઘોડો મોઢામાં ઘાસ લઇ માથું ઊંચુ કરીને ખાય છે." રાજા સાહેબ આ છે અસલી અને નકલીમાં ફર્ક...

રાજા તેની કાબિલિયત પર ફીદા થઇ ગયો. તેણે નોકરના ઘરે આનજ, ફળ, ઇંડા, મુર્ગા, ઘી-ગોળની ભેટ મોકલી દીધી અને પ્રમોશન સાથે તેની રાણીઓના દરબાનમાં નોકરી માટે ડયૂટી સોંપવામાં આવી.

થોડા દિવસ પછી રાજાએ તેની માનીતી રાણી વિશે માહિતી માંગી. નોકરે જવાબ આપ્યો કે, "ચાલ ચલન વર્તન બધું તો રાણી જેવું છે પરંતુ તે પૈદાઇશીમાં તે આલા કુટુંબની હોય તેમ લાગતું નથી." રાજાને તો કાપો તો લોહી ના નીકળે તેવી હાલત થઇ ગઇ! રાજાના પગ નીચેથી જમીન સરકી ગઇ.

તેણે તેની સાસુને બોલાવી સાચી વાત કહેવા જણાવ્યું. તેની સાસુએ સત્ય વાત જણાવતા કહ્યું કે "તમારા પિતાજીએ મારી દિકરીના જન્મ વખતે જ રીસ્તો માંગી લીધો હતો. પરંતુ અમારી દિકરી વરસની થાય તે પહેલાં જ ગુજરી ગઇ. તમારા રજવાડા સાથે સંબંધ જળવાઇ રહે તે માટે અન્ય કોઇની દિકરીને અમારી દિકરી બનાવી ઉછેરીને મોટી કરી છે."

રાજાને નોકરની વાત ઉપર ભરોસો થઇ ગયો તો તેણે આ બાબતે તને કેવી રીતે ખબર પડી?નો પ્રશ્ન પૂછી નાખ્યો.

નોકરે કહ્યું "રાણી સાહીબાનો તેના હાથ નીચેના નોકરો-નોકરાણીઓ તરફનું વર્તન ગંવાર લોકો જેવું લાગ્યું. એક ખાનદાન કુટુંબના નબીરાઓનું વર્તન પણ એક અલગ પ્રકારનું હોય છે. જે રાણી બા સાહેબામાં જોવા ના મળ્યું. નોકરનું અવલોકન જોઇ રાજા બહુ જ ખુશ થયો. ફરી વખત અનાજ, બકરીઓ, ગાયો, ભેંસોની ભેટ આપી ફરી પ્રમોશન સાથે પોતાના દરબારમાં નિયુક્તિ આપી.

ઘણો સમય વિતી ગયા પછી રાજાએ નોકરને પૂછ્યું, મારા વિશે તારો શું અભિપ્રાય છે? નોકરને ડર હતો કે રાજા, વાજાને વાંદરાનો ભરોસો નહીં. રીજે તો રાજ કરાવે ને વિફરે તો ધંધે લગાડી દે. તેણે રાજા પાસે જાનની સલામતિ માંગી લીધી. રાજા એ હા કહી, તેને વચન આપી દીધું. તેણે ડરતા ડરતા કહ્યું "તમે ના તો રાજાના દિકરા ના કે તમારૂં વર્તન રાજા-મહારાજા જેવું છે."

રાજાના ગુસ્સાનો કોઇ પાર નહીં. પરંતુ સલામતિનું વચન આપી ચૂકયા હતા. ધૂંવાફૂંવા થતાં તે મા ને મળવા મહેલ પહોંચ્યો.

તેની માં એ કીધું, તે સાચું છે. તું એક ભરવાડનું સંતાન છે. કોઇ ઔલાદ નહોતી તેથી તને 'ગોદ' લીધેલ છે અને પાળી પોષી તાજનો માલિક બનાવેલ છે.

રાજાએ નોકરને બોલાવી પૂછ્યું, "તને કેવી રીતે ખબર પડી?" નોકરે નમ્રતાથી જણાવ્યું કે, રાજા-મહારાજા કોઇને ઇનામ આપે તો તેમાં હીરા-મોતી-ઝવેરાત આપે, પરંતુ તમે તો અન્ન, ભેડ, બકરીઓ-ગાય-ખાવા પીવાની ચીજો આપતા હતા. આ પ્રથા કોઇ રાજા રજવાડાની ન હતી. પશુપાલકોની આ રીત જોઇ હું સમજી ગયો કે તમે રાજાપુત્ર નથી જ.

કોઇ ઇન્સાન પાસે અખૂટ ધન દૌલત હોય, સુખ સમૃધ્ધિભર્યો સંસાર હોય, માન-મરતબાની મોટી મોટી ડિગ્રીઓ હોય એ બધું બાહ્ય દેખાવ છે. ઇન્સાનની અસલિયત-તેની પહેચાન તેના વ્યવસાયથી અને તેનામાં રહેલી નિય્યતથી થાય છે. ઇન્સાન હૈસિયત બદલી જાય છે પણ તેની સમજ શક્તિ નહિ, અસલિયત નહિ.

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

# ઈસ્લામનો સુવર્ણ યુગ (૮૦૦-૧૪૦૦)

રજૂઆતઃ ફિરોજખાન, કેનેડા

ઈસ્લામનો સુવર્ણ યુગ અબ્બાસીઓના શાસન દરમિયાન શરૂ થયો હતો. અબ્બાસી ખલીફા જ્ઞાનને ખૂબ મહત્વ આપતા હતા. મુસ્લિમ વિશ્વ ઝડપથી વિશ્વનું બૌધ્ધિક કેન્દ્ર બનવા લાગ્યું. ઘણાં વિધ્વાનોએ પ્રાચીન ગ્રીક, ભારતીય, ચીની અને ફારસી સંસ્કૃતિના સાહિત્ય, તત્વજ્ઞાન, વિજ્ઞાન, ગણિત વગેરેને લગતા પુસ્તકોનો અભ્યાસ કર્યો અને તેનો અરબીમાં અનુવાદ કર્યો. નિષ્ણાંતોનું માનવું છે કે આના કારણે એક વિશાળ જ્ઞાનકોશ ઇતિહાસના પાનામાંથી ખોવાઈ ગયો. મુસ્લિમ વિદ્વાનોએ માત્ર અનુવાદ જ કર્યો નથી, આ તમામ વિષયોમાં પણ તેમણે પોતાની છાપ છોડી.

મેડિકલ સાયન્સમાં શરીર રચના અને રોગોને લગતી ઘણી નવી શોધો કરવામાં આવી હતી. જેમ કે ઓરી અને શીતળા વચ્ચેનો તફાવત સમજવામાં આવ્યો હતો. ઇબ્ન સિના (૯૮૦-૧૦૩૭) એ તબીબી વિજ્ઞાનને લગતા ઘણાં પુસ્તકો લખ્યા, જે પાછળથી આધુનિક તબીબી વિજ્ઞાનનો આધાર બન્યા. તેથી જ ઇબ્ન સિનાને આધુનિક ચિકિત્સાનો પિતા પણ કહેવામાં આવે છે. એજ રીતે અલ-હેથમને ઓપ્ટિક્સનો પિતા પણ કહેવામાં આવે છે અને અબુ મુસા જાબીરને રસાયણશાસ્ત્રનો પિતા કહેવામાં આવે છે. અલ ખ્વારિઝ્મીને બીજગણિતનો પિતા કહેવામાં આવે છે.

ઈસ્લામિક ફિલસૂફીમાં, પ્રાચીન ગ્રીક સંસ્કૃતિની ફિલસૂફી ઈસ્લામિક રંગો સાથે વિકસાવવામાં આવી હતી. ઇબ્ન સિનાએ નિયોપ્લાટોનિઝમ, એરિસ્ટોટલ અને ઇસ્લામિક ધર્મશાસ્ત્રને જોડીને એક નવી સિસ્ટમ બનાવી. આનાથી ફિલસૂફીમાં એક નવી તરંગનો જન્મ થયો, જેને ઇબ્સિનિઝમ કહેવામાં આવે છે. એ જ રીતે એરિસ્ટોટલના સિધ્ધાંતોને ઈસ્લામિક સિધ્ધાંતો સાથે જોડીને ઇબ્ને રૂશ્દને જન્મ આપ્યો. ઈસ્લામિક ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવાની કળા ડાયાલેક્ટિકસની મદદથી વિકસાવવામાં આવી હતી. આને કલામ કહે છે. મુહમ્મદ સાહેબના અવતરણો, પ્રવૃતિ વિગેરેનો અર્થ શોધવો અને તેમાંથી કાયદો બનાવવો એ પોતે જ એક વિષય બની ગયો. સુન્ની ઈસ્લામમાં, આના કારણે વિદ્વાનોમાં મતભેદ થયો અને સુન્ની ઈસ્લામ કાયદાકીય બાબતોમાં ૪ ભાગોમાં વહેંચાયેલું.

રાજકીય રીતે, અબ્બાસિદ સામ્રાજ્ય ધીમે ધીમે નબળું પડયું. આફ્રિકાના કેટલાક મુસ્લિમ પ્રદેશોએ લગભગ ૮૫૦ સુધીમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધી હતી. ઈરાનમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. માત્ર કહેવા માટે કે આ પ્રદેશો અબ્બાસીઓના હેઠળ હતા. મહમૂદ ગઝની (૯૭૧-૧૦૩૦) એ પણ પોતાને સુલતાન જાહેર કર્યો. સેલ્જુક તુર્કોએ અબ્બાસીઓની લશ્કરી શક્તિનો નાશ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે મધ્ય એશિયા અને ઈરાનના ઘણાં પ્રદેશો પર શાસન કર્યુ. જો કે આ બધા રાજ્યો એકબીજામાં લડતા હતા, પરંતુ સમાન ઈસ્લામિક સંસ્કૃતિના કારણે, સામાન્ય લોકો વચ્ચેના મૂળભૂત સંપર્ક હજુ પણ તૂટી શકયો ન હતો. આની કૃષિ વિજ્ઞાન પર મોટી અસર પડી. ઘણાં પાકને નવી જગ્યાએ લઈ ગયા અને વાવણી કરી. આને મુસ્લિમ કૃષિ ક્રાંતિ કહેવામાં આવે છે.

વિવિધ કુરાની આદેશો અને હદીસ, જે શિક્ષણને મહત્વ આપે છ અને જ્ઞાન પ્રાપ્ત કરવાના મહત્વ પર ભાર મૂકે છે. આ યુગના મુસ્લિમોને તેમના જ્ઞાનની શોધમાં અને વિજ્ઞાનના શરીરના વિકાસમાં પ્રભાવિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ઈસ્લામિક સામ્રાજયએ વિદ્વાનોને ખૂબ જ સમર્થન આપ્યું. કેટલાક અનુવાદો માટે અનુવાદ ચળવળ પર ખર્ચ કરવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ વિદ્વાનો અને જાણીતા અનુવાદકો, જેમ કે હુનૈન ઇબ્ન ઇશાકનો પગાર હતો જે આજે વ્યાવસાયિક રમતવીરોની સમકક્ષ હોવાનો અંદાજ છે. બાયત અલ-હિકમા અથવા હાઉસ ઓફ વિઝડમ એ ખલીફા અલ-મન્સુર દ્વારા અલવિદ-યુગ બગદાદ, ઈરાકમાં સ્થાપિત પુસ્તકાલય હતું.

ઇબ્ન સિના (એવિસેન્ના) અને ઇબ્ન રૂશ્દ (એવેરોસ) એ એરિસ્ટોટલના કાર્યોને બચાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જેમના વિચારો ખ્રિસ્તી અને મુસ્લિમ વિશ્વના બિન-ધાર્મિક વિચારો પર પ્રભુત્વ મેળવવા લાગ્યા હતા. સ્ટેનફોર્ડ એનસાયકલોપીડિયા ઓફ ફિલોસોફી અનુસાર, પશ્ચિમ યુરોપમાં અરબીથી લેટીનમાં ફિલોસોફીકલ ગ્રંથોના અનુવાદે મધ્યયુગીન લેટિન વિશ્વમાં લગભગ તમામ દાર્શનિક વિદ્યાઓને બદલી નાખી. યુરોપમાં ઈસ્લામિક ફિલસૂફોનો પ્રભાવ ખાસ કરીને ફિલસૂફી, મનોવિજ્ઞાન અને આધ્યાત્મિકશાસ્ત્રમાં મજબૂત હતો. જો કે તર્કશાસ્ત્ર અને નીતિશાસ્ત્રના અભ્યાસ પર પણ તેની અસર પડી હતી.

(વિકિપીડિયા પર મૂળ હિન્દી લેખનો ગુજરાતી અનુવાદ)




Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK

Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care

1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396　95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786　www.maplestar.ae　Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679

ميبل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.

Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

# અને પછી મેં મારા મુસ્લિમ સમાજને ભાંડવાનું ચાલુ કર્યુ...

એજ્યુકેટેડ મોડર્ન મુસ્લિમ

જી હા હું છું એજ્યુકેટેડ મુસ્લિમ.. મને હવે સમાજના એરિયામાં રહેવું પસંદ નથી આવતું કેમ કે ત્યાં સાકળી શેરીઓ થઇ ગઇ છે. બહુ ગંદકી છે.. પણ અફસોસ જે બહુમતી વર્ગના હું વખાણ કરતા થાકતો નથી એ વર્ગ મને એના એરિયામાં મકાન આપવા તૈયાર નથી એટલે હવે હું સમાજની વચ્ચે રહી સમાજની ખોદણી કરી રહયો છું... જી હા બહુમતી વર્ગ તરફથી કોઇપણ મુસ્લિમ વિરૂધ્ધ પોસ્ટ આવે એટલે હું ખબ ખબ દેડકાની જેમ ત્યાં કૂદી પડું છું. પોતાની જાતને એજ્યુકેટેડ/બિઝનેસમેન સાબિત કરવા અને જે સાકળી શેરીમાં હું નથી કરી શકતો એ બધી બૂરાઇ હું ત્યાં પોસ્ટ પર ભરપૂર કરી લઉ છું.

''હા સાહેબ હા સાહેબ'' કરવાની મને બહુ મજા આવે છે. પણ એ વાત જુદી છે કે હું મારા એરિયાના મૌલવીઓને તુંકારે બોલાવું છું. મારા એરિયામાં મેં લાયબ્રેરી માટે કયારેય કોઇ પ્રયાસ નથી કર્યા પણ મારા એરિયામાંથી લાયબ્રેરીમાં વાંચવા જતા છોકરા/છોકરીઓ મને કયારેય નજર આવતા નથી કેમ કે શેરી સાકળી છે, મને ત્યાં એજ્યુકેટેડ પેઢી નથી દેખાતી...

કોઇપણ મુસ્લિમ વિરૂધ્ધ વાત આવે એટલે હું મૌલવીને ભાંડવાનું ચૂકતો નથી, કેમ કે કૌમના આ હાલતના જવાબદાર તો એ જ છે એવું હું માનું છું પણ ૮૦૦૦ પગારમાં એ માણસ શું શું કરી રહયો છે એ મને કયારેય દેખાતું નથી કેમ કે શેરી સાકળી છે. હા મારા એરિયા માંથી પણ સ્કુલમાં પહેલો નંબર લાવનાર વિદ્યાર્થીઓ છે પણ સાહેબ મને નથી દેખાતા કેમ કે શેરી સાકળી છે.

મને મારા કોમના એ એજ્યુકેટેડ યુવાનો દેખાતા નથી, જે સ્વભિમાનથી જીવે છે. કોઇની ચાપલૂસી નથી કરી રહયા. મને મારા કોમના એ વડિલો નથી દેખાઇ રહયા જેને ઈસરો જેવી મોટી સંસ્થાઓમાં સેવા આપી છે. મને મારી કોમના અબ્દુલ કલામ આઝાદ નથી દેખાઇ રહયા મને મારી કોમના ટેલેન્ટેડ યુવાનો નથી દેખાઇ રહયા. જેને યોગ્ય પ્લેટફોર્મ ના મળવાના લીધે કેરિયર નથી બનાવી શકયા. મને મારા કોમના ડૉક્ટર લેડીઝ નથી દેખાઇ રહી. મને મારા કોમની ''બા પરદા'' ઔરતો નથી દેખાઇ રહી કેમ કે હું તો ઓફિસમાં બ્લેઝર પહેરેલ લેડીઝને એજ્યુકેટેડ માનું છું. મને મારી કોમના 'હાફીઝો' નથી દેખાઇ રહયા. મને મારી કોમના બિઝનેસમેનો મની દેખાઇ રહયા. મને જી.પી.એસ.સી. કલીયર કરતાં યુવાનો/યુવતિઓ નથી દેખાઇ રહયા.

''આ બધું મને નથી દેખાઇ રહયું કેમ કે શેરી સાકળી છે.
અને સાથે મારછ નજર પણ સાકળી થઇ ગઇ છે.''

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ...

પચાવી પાડેલી દૌલતમાંથી ૨.૫% ઝકાત કાઢી નાખવાથી શું એ પચાવી પડેલું હલાલ બની જાય છે? એવી વ્યક્તિને હંમેશા પોતાની દૌલત લૂંટાઇ જવાનો ડર સતાવતો હોય છે, કોઇ સાચો પણ માંગે છે ત્યારે એ પણ ખોટો જ લાગે છે અને મદદ કરવાની હિંમત નથી થતી.

આ ઘટના બીજો સબક એ પણ આપે છે કે નેકી કર ઔર દરિયા મે ડાલ. પ્રસંગ બહુ નાનો છે, કદાચ એ અખબારથી ન તો બિલ ગેટ્સ અમીર બની ગયા કે ન તો અખબારવાળાનું કોઇ નુકશાન થયું. પરંતુ મહત્વની વાત એ છે કે એક નાની તો નાની પરંતુ મદદ કરીને એ આપનાર ભૂલી ગયો. આજે તો કોઇ ગરીબને કહેવાતા દાનવીરો નાની એવી પણ મદદ કરે તો પાંચ વ્યક્તિઓની સાક્ષી એ કરે. ગામ ઢંઢેરો કરે, ફોટા પડાવે.

ઘણીવાર મોટી મદદ કરતાં નાની પરંતુ સમયસરની સહાય જરૂરતમંદ વ્યક્તિને સોના જેવી લાગે છે. એક ગરીબ બાપને પોતાની દિકરીના સાદાઇથી લગ્ન કરવા માટે રૂા. ૨૦૦૦૦ ની જરૂર હોય, મજબૂરી અને સંકોચ સાથે હાથ લંબાવે ત્યારે એક નહીં ૧૦ દિકરીઓના લગ્ન કરાવી આપવા જેટલી આર્થિક શક્તિ જેને અલ્લાહે આપી હોય એ વ્યક્તિ પૂરતી મદદ ન કરે પરંતુ ૧૦ મેણાં મારી અને પછી ૧૦૦૦ રૂપિયા આપે અને સાથે શિખામણ આપે કે જો સાદાઇથી જ લગ્ન કરજે. ખોટા ખર્ચા કરતો નહીં. એ બાપ અહેસાન તળે જી હાં કરી અને જતો રહે.અને પછી એ જ અમીર વ્યક્તિ પોતાની દિકરીના લગ્નમાં લાખો વાપરે એમ કહીને કે અમારા ય અરમાન છે કે દિકરીને બધું આપીએ, ધામેધૂમે પરણાવીએ.

અલ્લાહ આપણને સૌને એકબીજાની મદદ કરનારા અને એબ ઢાંકનારા બનાવે, શોહરતના શોખથી દૂર રહી કોઇ ગરીબની માત્ર અલ્લાહને રાજી કરવાના ઈરાદે મદદ કરવાની ઈચ્છા રાખનારા બનાવે...અમીન

CSC  HDFC BANK  BAJAJ Allianz  ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# ઔલાદના હકકો

નેક ઔલાદ અલ્લાહ તઆલાની નેઅમતોં માંથી એક નેઅમત છે. જેને અલ્લાહ તઆલાએ આંખોની ઠંડક કિધી છે. એટલા માટે જ ઔલાદનું હોવું ખુશનશીબી માનવામાં આવે છે. જેને આ નેઅમત મળી જાય છે તે ખૂબ જ ખુશ રહે છે અને જેને ઔલાદ નથી હોતી તે હંમેશા ઔલાદથી મહરૂમીના કારણે ગમગીન રહે છે.

મતલબ કે જેને નેક ઔલાદ નસીબ થઇ ગઇ તેને દુન્યાભરની નેઅમતોં મળી ગઇ ! કુર્આને મજીદની અંદર અલ્લાહ તઆલા ફરમાવે છે, અર્થાત - તેઓ રહમાનના બંદા જેઓ એ દુઆ કરે છે કે એ અમારા પરવરદિગાર તુ અમોને બીવીઓ અને ઔલાદના ઝરીએ આંખોને ઠંડક અતા ફરમાવ અને અમોને પરહેઝગાર લોકોના પેશવા બનાવ. (સુરતુલ ફુરકાન)

આ આયતમાં ઔલાદ હાસિલ કરવા રબની બારગાહમાં માંગવાનો તરીકો બતાવેલ છે તેમજ અલ્લાહના જલીલુલ કદ્ર પયગમ્બરોએ રબ તઆલાની બારગાહમાં ઔલાદો માંગી, અલ્લાહ તઆલાએ અતા ફરમાવી. જેવી રીતે હઝરતે ઝકરીય્યા અલૈહિસ્સલામે આ પ્રમાણે દુઆ માંગી, અર્થાત - એ પરવરદિગાર ! તુ પોતાના તરફથી નેક ઔલાદ અતા ફરમાવ. તુજ દુઆઓને સાંભળવાવાળો છે. (સુરએ આલે ઈમરાન) હઝરતે ઈબ્રાહિમ અલૈહિસ્સલામે પણ આ દુઆ માંગી હતી. અથાર્ત - એ અલ્લાહ ! તુ અમોને નેક ઔલાદ અતા ફરમાવ. (સુરએ સાફાત)

નેક ઔલાદ માં બાપના જીવનનો કિંમતી ખઝાનો છે. જેવી રીતે ઔલાદ ઉપર માં બાપના હકકો છે તેવી રીતે માં બાપ ઉપર પણ ઔલાદના હકકો છે. એક શખ્સે અર્ઝ કરી, યા રસુલુલ્લાહ ! હું કોની સાથે નેકી કરૂં ? ફરમાવ્યું, પોતાના માં બાપ સાથે. તેણે અર્ઝ કરી, આકા ! મારા માં બાપ તો પરદો કરી ગયા છે. તો આકા કરીમ અલૈહિસ્સલામે ફરમાવ્યું, તમારી ઔલાદ સાથે નેકી કરો.

મુસલમાનોના ઘરે જન્મ લેવાવાળા બાળકના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત કહો તે સુન્નત છે. મતલબ કે સૌ પ્રથમ બાળક દુન્યામાં આવે એટલે તેને અન્ય અવાઝ નહીં પરંતુ અલ્લાહ અને તેના મહબુબ અલૈહિસ્સલામના નામનો અવાઝ સંભળાવો અને સાતમા દિવસે તેના સરના બાલ મુંડી તેના વજન બરાબર ચાંદી અથવા તેના અકીકા કરો અને અલ્લાહના પયગમ્બરોના નામો ઉપર તેના નામો રાખો. હોશ સંભાળતા જ તેની તાલીમ શરૂ કરો. કારણ કે સરકાર સલ્લલલાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે, ઈલ્મ હાસિલ કરવું દરેક મુસલમાન ઉપર ફર્ઝ છે. ઔલાદ માટે સારી તાલીમ વ તર્બિયત જરૂરી છે.

સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન છે - ઔલાદ માટે પોતાન માં બાપ તરફથી અગર સારામાં સારો અગર તોહફો છે તો તે તેની સારી તાલીમ અને તર્બિયત ઈલ્મની દૌલત છે. જેનાથી ઈન્સાનની સલાહિયતો ઉજાગર થાય છે. માટે માં બાપ માટે જરૂરી છે કે પોતે પણ ઈલ્મ હાસિલ કરે અને તેની ઔલાદને પણ ઈલ્મથી માલામાલ કરે. માંની ગોદ બાળક માટે પ્રથમ દર્સગાહ છે. કારણ કે બાળકનો વધુને વધુ તઅલ્લુક  માં સાથે હોય છે. એટલે બાળક ઉપર વધુ પ્રમાણે માંનો માહોલ છવાયેલ રહે છે. માટે માં તાલીમ વ તર્બિયતવાળી હશે તો તેની ઔલાદમાં પણ તાલીમ વ તર્બિયત આવશે. આ મોકા ઉપર એ વાત યાદ રાખો કે માં અગર સય્યેદા આબેદા ફાતેમા (રદીયલ્લાહો અન્હા) હતા તો ઔલાદ ઈમામે હસન વ ઈમામે હુસૈન હોય છે. માં અગર પરહેઝગાર હોય છે તો બેટા ગૌષે આઝમ બને છે. માં અગર ઈબાદતગુઝાર હોય છે તો બેટા ગરીબે નવાઝ હોય છે. મતલબ કે માં બાપના સંસ્કારોની ઔલાદ ઉપર વધુ અસર રહે છે. આજે ઔલાદની તર્બિયત ન થવાને કારણ ઔલાદ ગલત રસ્તાઓ ઉપર ચાલી રહી છે.

અલ્લાહ તઆલા કુર્આને પાકમાં ફરમાવે છે, અર્થાત - એ ઈમાનવાળાઓ ! તમો પોતાને અને પોતાના ઘરવાળાઓને આગથી બચાઓ. જેનું ઈંધણ માણસ અને પથ્થર હશે (સુરએ તહરીમ). આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની અવલાદની એવી તરબિંયતનો હુકમ ફરમાવેલ છે. જેથી તે દોઝખની ભયાનક આગથી બચી જાય. વર્તમાન હાલાતમાં ઔલાદની બેરાહરવી પાછળ મુખ્ય કારણ ઔલાદની સારી તાલીમ-તર્બિયત અને સારા સંસ્કારોની કમી જવાબદાર છે. અગર ઔલાદને નેક રાહ ઉપર જોવા ઈચ્છો છો અને પોતાના ઘરોની ઈઝઝત સલામત દેખવા ઈચ્છો છો તો યાદ રાખો, મઝહબે ઈસ્લામની તાલીમ અને આકા એ કાએનાતના અખ્લાકે પાકની તર્બિયત વગર શકય નથી.

**– હઝરત મૌલાના મો.અમીન અકબરી સાહેબ**
નાઝીમે આલા, દારૂલ ઉલૂમ ગૌષે સમદાની, પીપળીયારાજ

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

Computer and Other screens affect you in the following ways:

Eye strain and dry eye are common problems for computer users.
Both emit radiation called EMR (Electromagnetic Radiation) and EMF (Electromagnetic Frequencies). These are both low frequency and high frequency. Both of them are called possible carcinogenic (causing cancer) by WHO.
Blue light is around us anywhere from the sun to light bulbs, during the day it does not affect as much as during the night, particularly from your computer and mobile screens. It does not only affect the circadian rhythms and your sleep but increases the risk factors for many eye diseases.
It also dries your eyes. Severe **dry eyes** may lead to **eye** inflammation, abrasion **of the** corneal surface, corneal ulcer and **vision** problems.
Staring the screen continuously at one focal point, lose the eyes' ability to manoeuvre the focus and ability to change from near vision to distant vision. The same phenomena occur when you are driving on a long stretch (constantly using distance vision). It is recommended to make a habit of blinking your eyes frequently to reduce strain, dryness and reduce inflammation.

My Seven step plan will relieve the tiredness, and pressure and possibly eliminate vision impairment including the glasses. I was using the computer glasses and reading glasses and got rid of them for many years.

In order to bring healing from any disease, you would remove the cause of the disease, similarly, when considering what to do in the following steps, think about what not to do. For example, some foods and nutrients would benefit your eyes and some will harm your eyes. For the purpose of the brevity of this article, I am leaving it to you to explore them

## Step 1: PROTECT YOUR EYES FROM GLARE AND RADIATION

Eye strain can also occur when people use devices with a harsh glare, devices with poor contrast, or are viewing digital screens at an awkward angle.

Try to avoid glare from windows and lights. Use an anti -glare screen for your computer monitor if needed.

Protective sunglasses filter out 99 to 100 percent of UV rays. According to the American Optometric Association, you should wear sunglasses year-round. You can also have UV protection filter in your prescription glasses.
BLUE LIGHT
Blue light is a type of short-wavelength, high-energy light emitted by computer monitors and other digital screens. It affects your eyes and your sleep hormones (disrupts your sleep). When looking for a monitor to combat eye strain, try searching for monitors that come with a blue light filter to preserve your circadian rhythm and ease the burden on your eyes or consider putting a blue shield filter on your glasses (prescription or non-prescription) or install a blue shield filter on your screen.
Similarly buy a flicker-free and anti-reflection monitor (or laptop)
If you have bi-focal prescriptions then consider getting mid-vision glasses just for using the computer with anti-reflection coating and blue shield filter.



Since 1945

જુના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

**HALAI MUSLIM KHATRI TRUST**

(Trust Regd. No. B/114-RAJKOT)

3-Gokulnagar, B/h. 50 ft. Road, Kothariya Main Road, RAJKOT-360 002. INDIA

Halai Muslim Khatri Trust has emerged with a thought to lift up the education level in our Khatri community and to help financially deserving students. A group is formed by well known social workers and prestigious members of our community in leadership of Dr. Aziz Khatri (Mumbai).

A good amount of fund is required to help our community children who could not continue their education further due to lack finance. Help us to this noble cause by donating as much you can.

We do accept Lillah, Sadaqah and Zakat.

**Donation Appeal**

- Motivational seminars, Personality development & Career counseling
- Financial help to deserving students for university fee, uniform and stationary expenses.
- Create awareness of importance of education by monthly news paper 'Times of Khatri'
- More importance on female education

**More information and Inquiry :**
President: Dr. Aziz Khatri (+91-9322403733)
Vice President: Rafik Chhatbar (+91-9427252547)
Secretary: Sameer Ghumra (+91-9227213606)

**Bank Details:**
ICICI Bank Ltd A/c No: 084805000923
IFSC Code: ICIC0000848
(domestic transactions)

# ખત્રી બિરાદરો જોગ...

કોઈપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઈ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ 'ટાઈમ્સ ઓફ ખત્રી' બખૂબી બજાવી રહ્યું છે અને તેનો ફાયદો પણ આપ લોકોની સમક્ષ દેખાઈ રહ્યો છે. સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઈને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર આજના મોંઘવારીના સમયમાં ટકી રહે, વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસ કાર્યાલયે મોકલી આપવું. આપની આ લવાજમરૂપી સહાયથી જ આપણું 'ટાઈમ્સ ઓફ ખત્રી' ટકી રહેશે.

આપ સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આપે આપનું લવાજમ તાત્કાલિક કાર્યાલયે મોકલી આપવું અને સમાજમાં દરેકે દરેક ઘર નિયમિત લવાજમ પહોંચાડે તેવા પ્રયત્નો કરવા.

આપના સારા-નરસા પ્રસંગોએ આપણાં સમાજના મુખપત્રને યાદ રાખી સમાચારની વિગતો ઈમેઈલ ચોકસ કરશો. આપણાં મુખપત્રને આવા સમયે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપશો તેવી અપીલ છે.

**Dr. A. G. DHADA**
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

**Dhada Hospital**
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472

**City General Hospital**
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296

**SHAMIYANA DYEING**
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri April-2024 | Postal Regd. No. Rajkot/707/2024-2026

If undelivered please return to:

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

**Halai Muslim Khatri Trust**
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## તશ્રીફે જહાં

બેંગ્લોરના રહીશ જનાબ ઐયુબ ઓસમાણ માંધુના નેક ફરઝંદ મો.નદીમને ત્યાં તા. ૨૪-૦૨-૨૦૨૪ના રોજ પુત્ર નામે **મુહમ્મદ ઇઝહાન** નો જન્મ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દાદાજાન ઐયુબ ઓસમાણ ગની માંધુ તથા દાદીજાન રજીયાબાઇ ઐયુબ માંધુ તરફથી રૂા. ૨૫૦ તેમજ નાનાજાન યુસુફ દાઉદ મકકડ તથા નાનીમા મહેતાબ યુસુફ મકકડ તરફથી રૂા. ૨૫૦ ટાઇમ્સ ઓફ ખત્રીને બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## રૂખ્સતે જહાં

રાજકોટના રહીશ જનાબ રફીક અબુબકર છાટબાર (પૂર્વ સેંક્રેટરી-ફેડરેશન, ઉપપ્રમુખ-હાલાઇ મુસ્લિમ ટ્રસ્ટ, તંત્રી-ટાઇમ્સ ઓફ ખત્રી) ના વાલીદા મર્હુમા મહેરૂન અબુબકર છાટબાર તા. ૨૮-૦૩-૨૦૨૪ (૧૭ રમઝાનુલ મુબારક)ના રોજ અલ્લાહ તઆલાની રહેમતમાં પહોંચેલ છે. (ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજિઉન)

## વેરાવળ ખત્રી જમાતના સુકાનીઓની વરણી

હાલાઇ મુસ્લિમ ખત્રી જમાઅત, વેરાવળની વાર્ષિક સાધારણ સભા (જનરલ મિટિંગ) તા. ૦૩-૦૩-૨૦૨૪ ને રવિવારે જનાબ ગફાર કરીમ ગજકરણના ઘરે મળી હતી.

જેમાં સર્વાનુમતે એવું નકકી થયેલ કે હાલમાં જે હોદ્દેદારો અને વર્કિંગ કમિટિના સભ્યો છે તેમને જ આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે પણ હોદ્દેદાર તથા સભ્યો તરીકે ચાલુ રાખવા. વર્ષ ૨૦૨૪-૨૫ માટે નીચે મુજબના હોદ્દેદારો અને સભ્યોની વરણી થયેલ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જનાબ અબ્દુલ્લા નૂરમોહમ્મદ ભુચેરા | - | પ્રમુખ | ૭. | જનાબ આરીફ અ.સત્તાર ધડા | - | સભ્ય |
| ૨. | જનાબ મુનાફ ઇકબાલ ગિરાચ | - | ઉપપ્રમુખ | ૮. | જનાબ ફૈઝલ ઇસ્માઇલ ભૂછડા | - | સભ્ય |
| ૩. | જનાબ અબ્બાસ ઓસમાણ વિજળીવાઢા | - | સેંક્રેટરી | ૯. | જનાબ ડૉ. સલીમ મોહમ્મદ માંકડ | - | સભ્ય |
| ૪. | જનાબ એઝાઝ અ.ગફાર ભુછડા | - | ખજાનચી | ૧૦. | જનાબ ઓસમાણ અબા ધડા | - | સભ્ય |
| ૫. | જનાબ અ.સત્તાર હાજી મામદ ધડા | - | સભ્ય | ૧૧. | જનાબ રજાક જુમ્મા ગજકરણ | - | સભ્ય |
| ૬. | જનાબ ડૉ. અસ્લમ અલીમોહમ્મદ ભુચેરા | - | સભ્ય | | | | |

*જે વ્યક્તિ એવી સ્ત્રીના હાથને છૂએ જેનાથી તેનો જાઇઝ રીશ્તો ન હોય, કિયામતના રોજ તેની હથેળી ઉપર અંગારો રાખવામાં આવશે. (હદીષે પાક)*

★

*જે વ્યક્તિ લોકોની રજા વગર તેમના ઘરોમાં છૂપી રીતે જુએ તો ઘરવાળાઓ માટે હલાલ છે કે તેની આંખ ફોડી નાંખે. (હદીષે પાક)*

★

*કોઇપણ પાક દામન સ્ત્રી ઉપર જુઠ્ઠો આક્ષેપ લગાવવાથી એક સો વર્ષના નેક આમાલ બરબાદ થઇ જાય છે. (હદીષે પાક)*

★

*સરકાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે લાઅનત ફરમાવી છે, પુરૂષોનો લીબાસ પહેરવાવાળી સ્ત્રી ઉપર અને સ્ત્રીઓનો લીબાસ પહેરવાવાળા પુરૂષ ઉપર. (હદીષે પાક)*

★

*તમો વ્યભિચારના નજીક ન જાઓ. યકીનન તેમાં બેહયાઇ અને ખુદાની નારાઝગી છે. તે અત્યંત ખરાબ રસ્તો છે. (કુર્આને પાક)*

**મલ્ટીકલર ઓફસેટ મુદ્રિત ‘‘ટાઇમ્સ ઓફ ખત્રી’’ને સજીવન રાખવા આપના દરેક સુખ, દુ:ખના પ્રસંગે ‘ટાઇમ્સ ઓફ ખત્રી’ને હંમેશા યાદ રાખો અને આપનું ડોનેશન તુરંત મોકલશો..**

**સમાચાર-લેખન-કૃતિઓ મોકલવા માટે: E-mail: timesofkhatri@gmail.com**

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.